જામનગર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા

પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો અંગે પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તથા મનપા સાથે યોજાઇ બેઠક

જામનગર તા. ૨૭: જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ એક્ટ-૨૦૧૬ બાયલોઝ ૨૦૧૯ અંગે માર્ગદર્શન મેળવવા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધિકારીઓ તથા જામનગર મહાનગરપાલિકાના અધિકારી સાથે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પોલ્યુશન કંટ્રોલ બોર્ડના રિજિયોનલ મેનેજર બી.જ. સુત્રેજા, સાયન્ટિફિક ઓફિસર પી.એસ. દવે, મનપાના પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટના નોડલ ઓફિસર મનોજભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતાં.

ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના રિજિયોનલ મેનેજર બી.જી. સુત્રેજાએ જણાવેલ કે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટનો કાયદો વર્ષ ૨૦૧૬ થી અમલમાં છે. સરકાર જ્યારે કોઈ નવો કાયદો બહાર પાડે ત્યારે તેના ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડે છે અને લોકો પાસેથી સૂચનો મંગાવવામાં આવતા હોય છે. ત્યારપછી કાયદાનું અમલીકરણ કરવામાં આવે છે. તેમ આ કાયદામાં પણ સુધારા વધારા થતાં તેનું અમલીકરણ હવે શરૂ કરવામાં આવેલ છે. તેમજ તેમણે એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એક્ટ બાબત માહિતી આપેલ હતી. વધુમાં જી.પી.સી.બી.ના સાયન્ટિફિક ઓફિસર પી.એસ. દવેએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ બાબત માહિતીઓ આપી હતી. જેમાં પ્લાસ્ટિકના ઉત્પાદકો, પ્રોડ્યુસરો તથા જથ્થાબંધના વેપારીઓ તથા છૂટક વેપારીઓ કે જેઓ પ્લાસ્ટિક વેસ્ટ જનરેટ કરેછે તેવા વેપારીઓએ, રેકડીવાળાઓએ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે તથા રજિસ્ટ્રેશન માટે નિયત કરેલ ફી પણ ભરવી પડશે. આ.તકે બ્રાન્ડેડ કંપનીઓની પ્રિન્ટેડ પ્લાસ્ટિક બેગ વિશે પણ વિસ્તૃત માહિતીઓ આપી હતી. જેમાં હવેથી ૫૦ માઈક્રોન કે તેથી વધુ માઈક્રોનું જ પ્લાસ્ટિક વાપરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. ૫૦ માઈક્રોનથી ઓછી ક્ષમતાનું પ્લાસ્ટિક ઉત્પાદન કરનાર, વેચનાર કે વાપરનાર દંડને પાત્ર થશે. જામનગર મહાનગરપાલિકાના પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટના નોડલ ઓફિસર મનોજભાઈ રાઠોડે માહિતી આપતા જણાવેલ કે પલાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ એટલે પ્લાસ્ટિકના ઘનકચરાનું યોગ્ય વ્યવસ્થાપન કરવું, તેને રિસાયકલ પ્રોસેસ કરવો તેનો યોગ્ય નિકાલ કરવો. સરકારશ્રી દ્વારા આ માટેના નિયમો બનાવવામાં આવ્યા છે. જેમાં ઉત્પાદકે, પ્રોડ્યુસરે, ફરી વેંચનારે જામનગર મહાનગરપાલિકામાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમજ નવા નિયમ અનુસાર પ્લાસ્ટિક બેગ ઉપર બનાવનાર અથવા વહેંચનારનું નામ રજિ. નંબર વગેરે પ્રિન્ટ કરવાના રહેશે. જેથી કઈ બેગ કોને બનાવી છે, કોને વેંચી છે જેથી વેસ્ટ જનરેટ થાય ત્યારે તેનો ડેટા સરકાર પાસે આવે. આમ કોઈપણ બેગ (વેસ્ટ સ્વરૂપે) કોઈપણ રાજ્યમાંથી મળે તો પણ જે રાજ્યમાંથી ઉત્પાદીત થયેલ હોય કે વેંચાણ થયેલ હોય તેની જવાબદારી ફીક્સ થશે અને તે કંપની પાસેથી તેના રિસાયકલીગનો ચાર્જ વસૂલ કરી શકાય. જેને એક્સટેન્ડેડ પ્રોડ્યુસર રિસ્પોન્સિબિલિટી કહેવાય છે. સરકારનો હેતુ પ્લાસ્ટિકનો વપરાશ ઓછો થાય અને વેસ્ટનો યોગ્ય નિકાલ થાય અને પર્યાવરણનું જતન થાય તેવો છે. આ બેઠકમાં ઉપસ્થિત વેપારીઓએ તથા એસોસિએશનના પ્રતિનિધિઓ એ બન્ને અધિકારીઓને પ્રશ્નોત્તરી દ્વારા પ્લાસ્ટિક વેસ્ટને લગતા વિવિધ મુશ્કેલી રૂપ પ્રશ્નો પુછ્યા હતાં. તેના બન્ને અધિકારીઓએ પ્રત્યુત્તર આપ્યા હતાં. આ તકે જી.પી.સી.બી. વતી પધારેલ જયદેવભાઈ નાનસીએ ઓઝોનની મનુષ્ય પર થતી અસર વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ બેઠકમાં ચેમ્બરના કારોબારી સમિતિના સભ્યો, ચેમ્બર સંલગ્ન વિવિધ એસોસિએશનના પ્રતિનિધિઓ તેમજ ચેમ્બરની પર્યાવરણ અને વોટર કન્ઝર્વેશન પેનલ તથા જામનગર મ્યુનિ. કોર્પો., કાયદો વ્યવસ્થા અને ટ્રાફિક પેનલના ચેરમેન, સભ્યો તથા આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતાં.